જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૦૫/૨૦૨૬ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૬૧૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૯ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી, ૧૧૪ લીટર દેશી દારૂ, ૧૨૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૪૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૨ કાર અને ૦૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૧ વ્યક્તિને ઝડપી જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૬૧૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાતય કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૬૧૫/૨૦૨૬**

સાયબર ક્રાઈમઃ અમલકુમાર શૈલેન્દ્રનાથ નાથ (ઉ.વ.૬૫) (રહે.મિવાન મિટો નિગમ વટવા રોડ પુનિતનગર રેલવે ક્રોસીંગ વટવા) એ તા.૦૧/૦૫/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૧૧/૨૦૨૫ ના રોજ અમલકુમાર નાથ એ IndusInd Bank bhayli માં એફ.ડી. કરાવેલ હોય જે એફ.ડી.રીન્યુ કરાવેલ ન હોવાથી એફ.ડી.ના રૂપિયા સેવિંગ્સ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવા માટે ગૂગલ બ્રાઉઝરમાં IndusInd bank bhayli બ્રાંચ કોન્ટેકટ નંબર +૯૧ ૯૧૨૨ ૯૬૮૬૯૮ સર્ચ કરી સંપર્ક કરતા તેઓએ IndusInd Bank bhayli બ્રાંચમાંથી વાત કરતા હોવાની ઓળખ આપતા અમલકુમાર નાથ એ IndusInd Bank bhayli માં એફ.ડી. કરાવેલ હોય જે એફ.ડી.રીન્યુ કરાવેલ ન હોવાથી એફ.ડી.ના રૂપિયા સેવિંગ્સ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવાનું જણાવતા તેઓએ કસ્ટમર સ્પોર્ટમાં કોલ લિંક કરાવવાનું કહી ફોન કટ કરી દીધો હતો. ત્યારબાદ મોબાઈલ નંબર ૦૯૨૮૬૨૭૩૫૩૨ ના ધારકે અમલકુમાર નાથને ફોન કરી આકાશ વર્મા ઇન્ડીસન્ડ બેંક, બોમ્બે થી સિનીયર મેનેજર વાત કરતા હોવાની ઓળખ આપી અમલકુમાર નાથના ફોનમાં CUSTOMER SUPPORT P15.apk નામની ફાઇલ મોકલી હતી. જે લીંક ઉપર ક્લિક કરતાં અજાણી વ્યક્તિએ અમલકુમાર નાથના ફોનનો એક્સેસ મેળવી અમલકુમાર નાથના ખાતામાંથી રૂપિયા ૮,૫૦,૦૦૦/– ટ્રાન્સફર કરી લઈ છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.પી.વાઘેલા ચલાવે છે.

એરપોર્ટઃ સઈરાજ અલારખાભાઇ દલવાણી સંધી (ઉ.વ.૨૬) (રહે. લોમજીવન પાર્ક–૨, ભારતપાન વાળી શેરી, વાવડી રોડ, મોરબી) એ તા.૦૧/૦૫/૨૦૨૬ ના રોજ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી મહંમદ જુનેદ મહંમદ યુસુફ શેખ (રહે.હિમાલીયા ફલકનુમા ફ્લેટ જુહાપુરા) એ સને–૨૦૨૨ ની સાલમાં અમદાવાદ એરપોર્ટ ખાતે સઈરાજને વિશ્વાસમાં લઇ વિઝા લેવા માટેનું કહી સને–૨૦૨૫ માં સઈરાજ પાસેથી કુલ–૩૪ માણસોના વિઝા કરાવવા માટે રૂપિયા ૪,૬૫,૦૦૦/– મેળવી લઈ સમયસર વિઝા નહી કરાવી આપી તેમજ એર ટીકીટના રૂપિયા ૧૦,૨૪,૮૦૦/– નુકશાન કરાવી છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.ડી.ચાવડા ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર ચાદી નં.૬૧૬/૨૦૨૬**

ગુજરાત યુનિવર્સિટીઃ અદનાન હોનેડ લોખંડવાલા (રહે. મુનબેકર બીજો માળ કાશ્મીરા સોસાયટી વિશ્વકુંજ સોસાયટી પાલડી) એ તા.૦૧/૦૫/૨૦૨૬ ના રોજ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે તા.૩૦/૦૪/૨૦૨૬ સાંજના ૦૭/૦૦ થી તા.૦૧/૦૫/૨૦૨૬ કલાક ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન આંબાવાડી જીઓ પેટ્રોલપંપ સામે શાકુન્તલ કોમ્પ્લેક્ષમાં હસનઅલી ફઝલઅલી લોખંડવાલા નામની હાર્ડવેરની દુકાન પાછળની દિવાલ ઉપરથી એસી આઉટડોર યુનિટ નંગ–૨ કિમત રૂપિયા ૩૬,૦૦૦/– તથા કોમ્પ્લેક્ષના કમ્પાઉન્ડમાંથી નાસ્તાની લારી કિમત રૂપિયા ૫,૦૦૦/– અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.જી.કુણપરા ચલાવે છે.

ત્રીજા માળથી પડી જતા મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૬૧૭/૨૦૨૬**

મણીનગરઃ મણીનગર રામબાગ સ્વામિનારાયણ હનુમાનજીના મંદીર પાસે કોલોની પાસે નવી બનતી સાઇટ "શ્રીજી લેગીસ" ખાતે રહેતા અને ત્યાંજ મજુરી કામ કરતા પંકજ કેલા ચરપોટા (ઉ.વ.૨૭) (મુળ વતન: ખોખરવા તા.બગોદરા જી.બાંસવાડા રાજસ્થાન) તા.૦૧/૦૫/૨૦૨૬ કલાક ૦૮/૧૫ વાગ્યાના સુમારે "શ્રીજી લેગીસ" સાઇટના ત્રીજા માળે કામ કરતા હતા ત્યારે નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે મણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આઈ.પટેલ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૬૧૮/૨૦૨૬**

સરખેજઃ અશ્વિનભાઇ રાઘવભાઇ થોરીયા (ઉ.વ.૩૫) (રહે. ધનવંતરી આવાસ યોજના સપના એવન્યુ મકરબા સરખેજ) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૪/૨૦૨૬ કલાક ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને ઝહરા હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૧/૦૫/૨૦૨૬ કલાક ૦૨/૫૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રભાતસિંહ વખતસિહ ચલાવે છે.

વેજલપુરઃ નુરસબા ડો/ઓ રશીદ અહેમદ (ઉ.વ.૨૯) (રહે. મોહંમદસોહેબ સોસાયટી, વેજલપુર રોડ મક્તમપુરા) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૫/૨૦૨૬ બપોરના ૩/૩૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એમ.બોરખતરીયા ચલાવે છે.

સરદારનગરઃ ગોવિંદભાઈ ધુળાભાઈ પરમાર (ઉ.વ.૨૬) (રહે. અંબિકાનગર નોબલનગર સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૫/૨૦૨૬ કલાક ૦૭/૫૦ વાગ્યા પહેલા પોતાની સાસુના રહેણાંક મકાનમાં છત લોખંડની પાઈપ સાથે ઓઢણું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી દિવ્યરાજસિંહ નરેન્દ્રસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી